Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

વંચાણે લીધું: (૧) GCAS ઓથોરીટીનો તા.૦૩/૦૯/૨૦૨૬નો પત્ર ક્રમાંક: GCAS/ UG/ મોપ-અપ/ ૨૦૨૬-૨૭/ ૯૮૬
(૨) અત્રેના કાર્યાલયની તા.૦૫/૦૯/૨૦૨૬ની નોંધ ક્રમાંક: UGPG/ ADMISSION/ 16526/ 2026 પર મળેલ માનનીય કુલપતિશ્રીનો આદેશ.

**વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના અભ્યાસક્રમોમાં ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ અંગે Mop-Up રાઉન્ડ યોજવા બાબત.**

## :: પરિપત્ર ::

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી પરિસરનાં અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમ્યાન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ મારફત સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના **(MPT, M.Sc.-Nursing, M.Opto., P.B.B.Sc. - Nursing** સિવાય) અભ્યાસક્રમોમાં નિયત કરેલ તમામ રાઉન્ડ તથા ખાલી બેઠકોનો રાઉન્ડ (VSBC) પૂર્ણ થયેલ છે. ત્યારબાદ પણ આ અભ્યાસક્રમોમાં ખાલી રહેલ પ્રવેશ બેઠકો પર GCAS પોર્ટલ મારફત "તા.૦૭-૦૯-૨૦૨૬ થી **Mop-Up** રાઉન્ડ" યોજવામાં આવનાર છે. આ રાઉન્ડની માર્ગદર્શિકા મુજબ મેરીટ યાદી તૈયાર કરવાની તથા મેરીટ જાળવવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિભાગો-કોલેજની રહેશે. આ રાઉન્ડ દરમિયાન GCAS પોર્ટલ પર કોઈ કટ-ઓફ/ બેઠકો દર્શાવવામાં આવશે નહીં. તેમ છતાં પારદર્શિતા જળવાય અને વિદ્યાર્થીઓ અન્યાયનો ભોગ ના બને તેમજ મેરીટ કે અનામતના કોઈપણ નિયમનો ભંગ ના થાય તે સુનિશ્ચિત કરવું ફરજિયાત છે.

આ પ્રવેશ કાર્યવાહી કૉલેજો/ વિભાગની વેબસાઈટ, નોટિસ બોર્ડ, સોશિયલ મીડિયા તથા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યાપક પ્રમાણમાં પ્રસારિત કરવી, જેથી કોઈ પણ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે વંચિત ન રહે.

**તમામ કોલેજો અને યુનિવર્સિટી વિભાગો માટે નીચે દર્શાવેલ બાબતોનું પાલન કરવું ફરજિયાત છે:**

### રજીસ્ટ્રેશન અને અરજી એડિટ:

- જો કોઈ વિદ્યાર્થી હજુ સુધી પણ અનિવાર્ય સંજોગોને કારણે આટલી તક મળ્યા બાદ પણ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને પોતાની અરજી ઓનલાઇન સબમિટ કરી શકેલ નથી તેઓ તા.૦૭/૦૯/૨૦૨૬ થી તા.૨૬/૦૯/૨૦૨૬ સુધી GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી, પ્રોફાઈલ ભરી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને ઓનલાઇન અરજી સબમિટ કરી શકશે.
- જે વિદ્યાર્થીઓ અગાઉથી રજિસ્ટર્ડ હોય, તેમણે GCAS પોર્ટલ પર લોગ-ઇન કરી પોતાની અરજી એડિટ કરવી હોય તો તા.૦૭/૦૯/૨૦૨૬ થી તા.૨૬/૦૯/૨૦૨૬ સુધી કરી શકશે. તેમજ વિદ્યાર્થી ખરેખર જે કૉલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી-પ્રોગ્રામ-મુખ્ય વિષયનો પ્રેફરન્સ આપવાનો રહેશે. (**ખાસ નોંધ:** વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલી વખત એડિટ/ પ્રેફરન્સ ચેન્જ કર્યા હોય ત્યારબાદ તે દરેક વખતે ફોર્મ સબમિટ કરવું ફરજીયાત/ અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહી.)
- કોલેજોની માહિતી, પ્રવેશ અંગેની લાયકાત, પ્રવેશની સંપૂર્ણ વિગતો GCAS / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. પ્રવેશ રજીસ્ટ્રેશન ફી (બિન અનામતના કિસ્સામાં રૂ. 300/- તેમજ અનામત/ PwBD કેટેગરીના કિસ્સામાં રૂ. ૧૫૦/-) (Non Refundable) નેટ બેન્કિંગ, ડેબિટ/ ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે. અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

- 2 --

**પ્રવેશ ઓફર અને કન્ફર્મેશન:**

- રજિસ્ટ્રેશન અથવા પ્રેફરન્સ અપડેટ થયા બાદ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી વિદ્યાર્થીની પાત્રતા ચકાસવાની રહેશે. ત્યારબાદ પ્રવેશના નિયમો – એલિજિબિલિટી, મેરીટની ગણતરી, ટાઈ-બ્રેકર, અનામત તથા અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ – નું ચુસ્ત પાલન કરી પ્રવેશ ઓફર કરવાની રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી કરી **તા.૦૭-૦૯-૨૦૨૬ થી તા.૩૦-૦૯-૨૦૨૬ સુધીમાં પ્રવેશ ઓફર જનરેટ કરી પ્રવેશ કન્ફર્મ** કરવાનો રહેશે.
- કોલેજો અને વિભાગોએ પોર્ટલ પર ખાલી બેઠકો ભરવા માટે પ્રવેશ ઓફર એવી રીતે પોસ્ટ કરવાની રહેશે કે કુલ મંજૂર ઇન્ટેકને ઓળંગ્યા વિના, પ્રવેશ મેળવવા આવતા દરેક વેલિડ ઓફર ધારકોને (એકપણને પ્રવેશ નકાર્યા વગર) સમાવી શકાય. મેરીટ કે અનામતના નિયમોનું ઉલ્લંઘન કર્યા વિના, જે વિદ્યાર્થીઓને ઓફર આપો તે દરેકનો પ્રવેશ સુનિશ્ચિત કરી શકો તેટલા જ પ્રમાણમાં અને તો જ આ વ્યવસ્થાનો ઉપયોગ કરવો.
- જો સંસ્થા દરેક વેલિડ ઓફર ધારકને પ્રવેશ આપવાની ક્ષમતા કે ગણતરી ના ધરાવતી હોય, તો તેમણે ફરજિયાતપણે પોતાની મૂળ ઇન્ટેકની ચુસ્ત મર્યાદામાં જ ઓફર આપવી.

**ઉપરોક્ત બાબતોનું ચુસ્તપણે અને અક્ષરશઃ પાલન કરવું ફરજિયાત છે, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.**

ક્રમાંક: યુજી-પીજી/ પ્રવેશ/ મોપ-અપ/ ૨૦૭૯૮/ ૨૦૨૬-૨૭

તા.૦૫/૦૯/૨૦૨૬

કુલસચિવ વતી

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ....

(૨) યુનિવર્સિટી પરિસરના અનુસ્નાતક વિભાગો વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ....

નકલ રવાના:

પ્રતિ,

મેમ્બર સેક્રેટરીશ્રી,

GCAS Cell, નોલેજ કોન્સર્ટીયમ ઓફ ગુજરાત,

પ્રજ્ઞા પુરમ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ. તરફ..... જાણ સારું.